સે-૨૦ વનસ્પતિ ઉદ્યાનની દિવાલમાં બાકોરૂં પાડી કિંમતી ચંદનના લાકડાની ચોરી

@ગાંધીનગર

● સે-૫-સી, પ્લોટ નં. ૭૯૫/૨ ખાતે સાંજે ૪ કલાકે વિવેકભાઈ પંડયાના નિવાસસ્થાને યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું રસપાન કરાવાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે મંગળવારે સાંજે ૫.૦૦ કલાકે રૂક્ષ્મણી વિવાહ તથા તુલસી વિવાહ યોજાશે.

● પેથાપુરના સુખડેશ્વર મહાદેવ મંદિર ખાતે અતિરૂદ્ર મહાયાગ અંતર્ગત સવારે ૧૦.૧૫ કલાકે રૂદ્રહોમ ઉપરાંત રાત્રે ૮.૦૦ કલાકે ભજનનો કાર્યક્રમ યોજાશે.

● સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સાંજે ૫.૩૦ કલાકે કસ્ટમર્સ મીટનું આયોજન કરાયું છે.

- નજાહખાનમ સૈયદ

સિવિલ કેમ્પસમાં ટ્રાફીક જામનાં દ્રશ્યો

ગાંધીનગર તા.૨૩

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલ શોંપીગ સેન્ટર આગળ વાહનનો ખડકલો જોવા મળે છે. રોડ વચાળે ઉભા કરાયેલા નડતરરુપ વાહનોને પગલે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાય છે. સિવિલની મુલાકાતે આવતા મુલાકાતીઓ પોતાના વાહનો પાર્કીગમાં ન મુંકતા આડેધડ વાહન પાર્ક કરતા આ સમસ્યા સર્જાય છે. જેને પગલે સિવિલમાં આવતા દર્દીઓ અને મુલાકાતીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે.

ગાંધીનગર સિવિલમાં રોજના હજજારો દર્દીઓ આવે છે. નવિન નિર્માણ થયેલ અધ્યતન બિલ્ડીંગમાં દર્દીઓને મળતી આધુનિક સુવિધાને પગલે દર્દીઓનો ધસારો વધુ જોવા મળે છે. સિવિલમાં ઓ.પી.ડી.માં સારવાર માટે આવતા દર્દીઓ તેમજ સિવિલમાં સારવાર મેળવતા દર્દીના સગાઓ કેમ્પસમાં આવેલ દવાની દુકાનો આગળ પોતાના વાહનો પાર્ક કરે છે. કલાકો સુધી પડી રહેલા

વાહનોને પગલે આ માર્ગ પરથી પસાર થતાં રાહદારીઓની હાલત કફોડી બની રહે છે. મેડીકલ તેમજ નર્સિગ કોલેજમાં અભ્યાસ કરતા યુવક યુવતિઓ પણ આ માર્ગથી પસાર થાય છે. શોંપીગ સેન્ટર આગળ પાર્ક થયેલા વાહનોને કારણે ટ્રાફીકજામના દ્રશ્યો દિવસ દરમ્યાન જોવા મળે છે. કેમ્પસમાં પાર્કીગની વ્યવસ્થા હોવા છતા મુલાકાતીઓ ઉપયોગ કરતા નથી.અને ગમે ત્યાં અડચણરુપ વાહનો મુકી દેતા ટ્રાફીકની સમસ્યા ઉભી કરે છે. કેમ્પસમાં દવાઓની દુકાનો,શોંપીગ સેન્ટર હોવાથી નગરજનોની પણ અવર-જવર રહે છે. ટ્રાફીકને કારણે સામ સામે વાહનો લઈને ઉભેલા વાહન માલિકો વચ્ચે પણ નાનામોટા ઝઘડા થાય છે. સિવિલના આ માર્ગ પરથી પસાર થવું મુલાકાતીઓ માટે માથાનો દુખાવા સમાન બની ગયું છે. સિવિલ તંત્ર દ્વારા આડેધડ વાહનો પાર્ક કરતા વાહન માલિકો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સિવિલની મુલાકાતે આવતા મુલાકાતીઓની માંગણી છે. પાર્કીગમાં વાહનો મુકવામાં આવે તો માર્ગ પરથી સરળતાથી વાહનોની આવન જાવન થઈ શકે.

વાતવાતમાં

● આગામી તા. ૩૦મી નવેમ્બરે પાલજ ખાતે વિકસિત આઈઆઈટી ગાંધીનગરની મુલાકાતે દેશના માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની પધારી રહ્યા છે. ગાંધીનગરના ગૌરવ સમી આ સંસ્થાએ વડાપ્રધાનની સંભવિત મુલાકાતના સંદર્ભે આ વિઝીટ ગોઠવાઈ હોવાનું જણાઈ રહ્યું છે.

● સે-૮માં ચ રોડ પરથી પ્રવેશવાના માર્ગે સાંજના સમયે એક નીલગાયનુંબચ્ચું ગભરાઈને દોડાદોડ કરી રહ્યું હતું. જેથી વાહનચાલકોના જીવ અધ્ધર થઈ જવા પામ્યા હતા. શરીરે સશકત હોવા છતાં તદન ભીરુ પ્રકૃતિનું આ પ્રાણી નાની સરખી બાબતે ભડકીને દોડવા લાગે છે.

● શિયાળાની મૌસમ ધીમે ધીમે જામી રહી છે માટે વેકેશન દરમિયાન સે-૬ અને ઘ-પના મેદાનોમાં લાગેલા સ્વટેર બજારમાં નગરજનોની ભીડમાં વધારો થઈ રહ્યો છે. આ સાથે વેકેશનનો માહોલ હોવાથી વિવિધ વેચાણ પ્રદર્શનોને પણ સારો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

● દિવાળી વેકેશનમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ગૃહકાર્ય અને પ્રોજેકટ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. હવે વેકેશનના જૂજ દિવસો બાકી રહેતા આ ગૃહકાર્ય પ્રોજેકટ પૂરા કરવા બાળકોની વ્હારે મમ્મીઓ આવી ગઈ છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

સે-૨૦ વનસ્પતિ ઉદ્યાનની દિવાલમાં બાકોરૂં પાડી કિંમતી ચંદનના લાકડાની ચોરી

અંદાજે ૧૦ હજારની કિંમતના ચંદનના થડને મોડી રાત્રે કોઈ ચંદનના ચોરો ચોરી કરી પલાયન : ૩ માસના ટુંકા ગાળામાં પાંચમીવાર ચંદનની ચોરી

ગાંધીનગર, તા.૨૩

શહેરના સરકીટ હાઉસ પાછળ આવેલા આયુર્વેદિક વનસ્પતિ ઉદ્યાનની દિવાલમાં મોટું બાકોરૂ પાડી મોડી રાત્રે ચંદન ચોરો કિંમતી ચંદનના લાકડાની ચોરી કરી ગયા હતા. અંદાજે રૂ. ૧૦ હજારની કિંમતના આ લાકડાની ચોરી મામલે સેકટર-૨૧ પોલીસના પીએસઆઈ એ ગુનો નોંધી ચંદનના ચોરોની શોધખોળ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સરકીટ હાઉસની બરોબર પાછળ જવાહરલાલ નહેરુ આયુર્વેદ વનસ્પતિ ઉદ્યાન આવેલું છે. જયાં વિવિધ કિંમતી અને નામશેષ વનસ્પતિનું વાવેતર થઈ રહ્યું છે ત્યારે વારંવાર આ ઉદ્યાનમાંથી કિંમતી ચંદનના લાકડાની ચોરી થવાના બનાવો વધી રહ્યા છે.

છેલ્લા ૩ માસના ટુંકા ગાળામાં ચારથી વધુ વખત ચોર ઈસમોએ ચંદનના લાકડાની ચોરી કરી પલાયન થઈ ગયા છે તો ગતરોજ આજ જૂની પધ્ધતિ અને પેટર્ન મુજબ ઉદ્યાનની દિવાલમાં બાકોરૂ પાડી દેશી ચંદનચોર વિરપ્પનો અંદાજે ૧૦ હજારની કિંમતના ચંદનના ઝાડના મજબુત થડને કાપીને ચોરી ગયા હતા. આ ચોરી મામલે ગાર્ડનના સુપરવાઈઝર કનુભાઈ શંભુભાઈ યોગીને જાણ થતા તુરંત સે-૨૧ પોલીસને જાણ કરી હતી. સે-૨૧ પોલીસે ચંદનની ચોરી અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની આગળની તપાસ પી.એસ.આઈ. સી.બી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

સે-૬ના અધિકૃત શાક માર્કેટના વિકાસની ઉપેક્ષાએ વેપારીઓની હાલત કફોડી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં વિવિધ સેકટરોમાં અધિકૃત રીતે શાકમાર્કેટનો વિકાસ કરવા પગલા લેવાયા હતા. આ પગલાને કારણે સે-૨૧ અને સે-૨૪માં શાકમાર્કેટનો વિકાસ થવા પામ્યો છે. પરંતુ સે-૬માં તંત્ર દ્વારા તૈયાર કરાયેલ શાકમાર્કેટ ખંડેર અવસ્થામાં છે જેના વિકાસ બાબતે જવાબદાર અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યા છે. વળી, સે-૭માં અનઅધિકૃત રીતે વિકસેલ શાકબજારને ગેરકાયદેસર હોવા છતાં ગર્ભિત પીઠબળ પુરુ પાડી સે-૬ના શાક માર્કેટના વિકાસ રુંધવાનો પેંતરો કરાયો હોય તેવો સે-૬ શાકમાર્કેટના દુકાનધારકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

વર્ષ ૧૯૯૩માં સરકાર દ્વારા સે-૬ ખાતે જાહેર હરાજી કરી શાકમાર્કેટની દુકાનો-ઓટલાનું વિતરણ કરાયું હતું. તથા તે સમયે ફરજ બજાવતા કલેકટર દ્વારા તેનું વિધિવત ઉદઘાટન પણ કરવામાં આવ્યું હતું. આમ છતાં આ માર્કેટનો વિકાસ કરવામાં પછીના અધિકારીઓ-કલેકટરો દ્વારા અગમ્ય કારણોસર ઉપેક્ષા દાખવવામાં આવતા હરાજીમાં લાખો રૂપિયાનું દેવું કરી દુકાન-ઓટલા રાખનાર વેપારીઓની હાલત કફોડી બની જવા પામી છે. સે-૭માં ઈન્કવાયરી ઓફિસની બરાબર પાછળના ભાગે જ અનઅધિકૃત રીતે શાકની લારીઓ દ્વારા શાકમાર્કેટ ઉભું કરી દેવાયું હોવા છતાં ઈન્કવાયરી ઓફિસ, મામલતદાર, કલેકટર ઓફિસ, જંગલ ખાતુ કે સે-૭ પોલીસ સ્ટેશન દ્વારા કોઈ જ પ્રકારના પગલા ભરાતા ના હોઈ વેપારીઓ સાથે સાંઠ ગાંઠની ગંધ આવી રહી હોવાનો સે-૬ શાકમાર્કેટના વેપારીઓની ફરિયાદ છે. સે-૭ના અનઅધિકૃત માર્કેટના કારણે ટ્રાફિકના પ્રશ્નો પણ ઉભા થતા હોઈ સે-૭ વસાહત મંડળ દ્વારા પણ સે-૬ ખાતે શાકમાર્કેટ વિકસાવવા માંગણી કરાઈ છે. આખા ગાંધીનગરમાં મુકવામાં આવતા ગરકાયેસર લારી ગલ્લાને દબાણ ખાતા દ્વારા ઉપાડી લઈ જવાતા હોય છે પરંતુ સ-૭ના શાકમાર્કેટના ગેરકાયદે સારી ગલ્લા ઉપાડવામાં દબાણ ખાતુ કેમ કાર્યરત થતું નથી તે પ્રશ્ન સે-૬ શાકમાર્કેટના વેપારીઓ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

સે-૬માં અધિકૃત શાક માર્કેટ હોવા છતાં સે-૭ના ગેરકાયદેસર લારી ગલ્લાને પોષણ અપાય છે : લારી-ગલ્લાવાળા તથા તંત્રની મીલીભગત હોવાનો આક્ષેપ : દેવું કરી લાખોના ખર્ચે સે-૬ અધિકૃત શાકમાર્કેટમાં દુકાનો-ઓટલા રાખનાર વેપારીઓ પસ્તાયા

સત્વરે સે-૭ના ગેરકાયદેસર શાક માર્કેટને હટાવી સે-૬ના અધિકૃત માર્કેટનો વિકાસ કરાય જયાં જાહેર હરાજી માટેની પણ અલગ જગ્યા ફાળવાયેલી છે તથા વિશાળ જગ્યાને કારણે ટ્રાફિકની સમસ્યા પણ હલ થઈ શકે તેમ હોવાથી આ બાબતે ઝડપથી યોગ્ય નિરાકરણ આવે તો સે-૬ના શાકમાર્કેટમાં દુકાનો-ઓટલામાં લાખો રૂપિયાનું રોકાણ કરી ફસાયેલા વેપારીઓ હાલાકીમાંથી બહાર આવી શકે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની કાર્યવાહક સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૩

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક ગત તા. ૨૦ નવેમ્બરના રોજ રમણભાઈ શ્રીમાળીના નિવાસસ્થાને મળી હતી. આ બેઠકમાં સંસ્થાના વિવિધ મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ખંભાતના અખાતમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરનું વિરાટ સ્ટેચ્યુ ઉભુ કરવા અને 'સ્ટેચ્યુ ઓફ ઈકવાલીટી' નામાભિધાન કરવા અંગેની જાણ કરતો પત્ર સંસ્થા દ્વારા મુખ્યમંત્રીને પાઠવવામાં આવ્યો હતો તથા નગરને આધુનિક શહેર વિકસાવવા અંતર્ગત ફૂટપાથો તેમજ અન્ય ખુલ્લી જગ્યાઓમાં જીવન ગુજારતા ગરીબ મજુરો માટેના રહેઠાણ રેનબસેરા બાંધવાની સંસ્થાની વર્ષો જૂની રજુઆત અંગે સન ૨૦૧૪માં ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને આવેદન આપવામાં આવ્યું હતું. આ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સંસ્થાએ કમિશનરને પત્ર લખ્યો હતો તે બાબતની જાણ બેઠકમાં કરવામાં આવી હતી.

ઉપરાંત સંસ્થાનો સ્નેહમિલન સમારંભ તેમજ ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોને સન્માનવાનો કાર્યક્રમ આગામી તા. ૨૦ ડિસેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે સે-૩-ડી રામજીમંદિરના પરિસર ખાતે યોજાશે. બેઠકના અંતમાં વીરચંદભાઈ પરમાર દ્વારા આભારવિધિ કરાઈ હતી.

કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દેશભરમાં તુલસી વિવાહનો ધાર્મિક પ્રસંગ ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવાય છે. આ કાર્યક્રમમાં ભાવિકોને ભગવાનની ભકિત સાથે લગ્નમાં મ્હાલવાનો રોમાંચ પણ મળી જતો હોય છે. ગાંધીનગરના સે-૫માં પંચમુખી મહાદેવ ખાતે તુલસીવિવાહનું ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

(તસવીર : દિપક જાની)

બ્રહ્માકુમારીઝના વાવોલ કેન્દ્રનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે બ્રહ્માકુમારીઝના કેન્દ્ર દ્વારા સ્નેહમિલન સમારંભનું આયોજન કરાયું હતું. આ સમારંભ તા. ૨૨મી નવેમ્બર રવિવારે સવારે ૯.૩૦ થી સાંજના ૪.૩૦ વાગ્યા સુધી યોજાયો હતો. જેમાં ગીત-સંગીત, નૃત્ય નાટિકા વગેરેનું આયોજન કરાયું હતું તેમજ જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ સમારંભમાં આશરે ૩૫૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

સ્નેહમિલનના પ્રારંભે તમામ ભાઈ-બહેનોનું તિલકથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ બ્રહ્માકુમાર મોહનભાઈ દ્વારા આત્મિક સ્મૃતિનો કલાસ લેવામાં આવ્યો હતો. કલાસ પૂર્ણ થયે ઈશ્વરીય મહાવાકય મુરલીનું પઠન કરાયું અને કન્યાઓ-કુમારો દ્વારા યોગ પ્રસ્તુત કરાયા હતા. બપોરે ૧૧.૩૦ કલાકે પરમાત્માને ભોગ લગાવાયો ત્યારબાદ વાવોલ કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી હંસા દીદી દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. સ્વાગત બાદ નવયુગ મુબારક યોજાયું જેમાં ધર્મિષ્ઠાદીદી, અંજનાબેન, સુનિતાબેન, મંજુલાબેન, મનુભાઈ, રામભાઈ, નેશનલ એથ્લેટ

પાર્થસિંહ દ્વારા કેન્ડલ લાઈટીંગ કરાયું હતું. અલ્પાબેન, પારૂલબેન, કાજલબેન, દક્ષાબેન, સોનલબેન તથા કુમારી તપસ્યા દ્વારા ધર્મરાજ કા દરબાર નાટિકા રજુ કરાઈ હતી. પ્રસાદ ભોજન બાદ બપોરના સેશનમાં જલુંદની બી.કે. નીશા અને સ્વાતિ દ્વારા બાબાનું ગીત પ્રસ્તુત કરાયું હતું અને અંકુર, સ્વપ્નીલ, જય, હર્ષિત તથા સોનલબેન દ્વારા 'પ્રકૃતિની વેદના' નાટીકા ભજવવામાં આવી હતી. આ સાથે પારૂલબેન દ્વારા 'આજ કા સમાચાર' દ્વારા હાસ્યરસ પીરસવામાં આવ્યો હતો અને અલ્પાબેન, પારૂલબેન, કાજલબેન, દક્ષાબેન, સોનલબેન અને તપસ્યા દ્વારા 'જગમગ હો સતયુગ કા દેશ' ગરબો રજુ કરાયો હતો. આ પ્રસંગે તમામ ભાઈ બહેનોને વિવિધ જ્ઞાનલક્ષી રમતો પણ રમાડવામાં આવી હતી. સમારંભના અંતે સામુહિક ગરબામાં સૌ કોઈ જોડાયા હતા.

સિંધુધામે પંચમ પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૩૦ સ્થિત ઝુલેલાલ સાંઈબાબા મંદિરમાં મહાદેવની સ્થાપનાને તા. ૨૬ નવેમ્બરના રોજ પંચ વર્ષ પૂર્ણ થશે. જે સંદર્ભે સિંધી પંચાયતના સભ્યો તેમજ સાંઈ પરિવાર દ્વારા તા. ૨૬ નવેમ્બરના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત સાંજે ૫.૩૦ કલાકે મહાઆરતી કરવામાં આવશે. આધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા નગરના તમામ નગરજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ચક્ષુદાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સે-૨-બી પ્લોટ નં. ૧૪૪૨/૨ ખાતે રહેતા રમણીકલાલ ભવાનીશંકર ત્રિવેદીનું ઉ.વ. ૭૭ અવસાન થતા તેમના કુટુંબીજન મેહુલ ત્રિવેદીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. આ ભગીરથ કાર્યમાં તબીબી સેવા ડૉ. મીત, ડૉ. નિશાંત તેમજ જુસીકાના કાર્યકર હિતેન્દ્રભાઈ રાવલ, બ્રિજેશભાઈએ કરી હતી તથા સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સવીલ હોસ્પિટલના ચક્ષુબેંક ખાતે ચક્ષુઓ પહોંચાડવાનું કાર્ય રાજુભાઈ વાઘેલાએ કર્યું હતું.

હજુ પંચાયતોની ચૂંટણી માટે મતદારો નિરસ

સ્વાર્થ અને અસ્તિત્વની રાજકીય ચૂંટણીઓમાં પ્રજાકીય કામગીરી વિસરાઈ હોવાનો બળાપો

ગાંધીનગર, તા.૨૩

જેને રાજકારણ સાથે લેવા દેવા નથીતેવા સામાન્ય મતદારો ચૂંટણીઓથી તોબા પોકારી ઉઠયા છે. સબળ નેતૃત્વ પ્રદાન કરવા માટે અને પ્રજાલક્ષી કાર્યોને વેગ આપવા માટે ચુંટણી થકી પ્રતિનિધિ ચુંટવાનો મુખ્ય આશય હતો પરંતુ સ્વાર્થ અને અસ્તિત્વ માટે જ ચુંટણીમાં ઉભા રહેવું એ એક પ્રતિષ્ઠા બની ગઈ હોઈ ગ્રામ્ય વિસ્તારોના મતદારો નિરૂત્સાહી બની ગયા છે. ઘરની અને ગામની અનેક સમસ્યાઓથી ત્રસ્ત આવા મતદારો હવે ત્રીજા સબળ વિકલ્પને શોધી રહ્યા હોવાનું હાલ તો ચિત્ર ઉપસી રહ્યું છે.

રાજયભરમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓનો હાલ ધમધમાટ ચાલી રહ્યો છે. જેમાં રવિવારે ૬ મહાનગરપાલિકાઓની ચુંટણીઓ પૂર્ણ થઈ હતી. હવે જિલ્લા અને તાલુકા પંચાયતની ચુંટણીઓ થશે. ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે અને ધુળીયા તથા ઉબડ ખાબડ માર્ગો ખુંદીને પણ મતદારોનો સંપર્ક કરી રહ્યા છે. પરંતુ મતદારો આ વખતે નિરૂત્સાહી લાગતા ઉમેદવારો પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે. મતદારોએ અનેક વખત પોતાના મત આપી સ્થાનિક

સમસ્યાઓથી છુટકારો મળે તેવા પ્રયત્નો કરી જોયા છે. પરંતુ ફકત સ્વાર્થ અને અસ્તિત્વના આ જંગમાં સમસ્યાઓ ઠેરની ઠેર જ રહી છે.

પોતાના અસ્તિત્વનો સવાલ આવે ત્યારે અઠંગ નેતાગીરી પક્ષ બદલી નાખે અથવા તો અપક્ષ ઉભા રહે તેવા દાખલા રાજય અને દેશના રાજકારણમાં મતદારોએ જોયા છે. ફકત ચુંટણી પૂરતા જ મતદારોને અનેક પ્રલોભનો આપતા રાજકારણીઓથી હવે પ્રજાજનો ભરમાતા નથી. તાલુકા કે જિલ્લામાં પોતાના ગામ તરફથી નેતૃત્વ કરતા નેતાઓ પાસે મતદારો પ્રજાલક્ષી કામગીરીની અપેક્ષા રાખતા થયા છે ત્યારે ખંધા રાજકારણીઓ ચુંટણી જીતીને ફકત ઉચ્ચ હોદ્દાની લડાઈ અને તેના અસ્તિત્વ પાછળ જ રચ્યા પચ્યા રહેતા મતદારોને હવે ચુંટણીઓમાં રસ જ ન રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ચુંટણી સમયે શ્રેષ્ઠ માર્કેટીંગ કરી અઢળક નાણાંની રેલમછેલ કરી મતદારોને લોભાવતાં ઉમેદવારો પાસે હવે મતદારો જવાબ માગતા થયા છે. વધુમાં રાજકીય હોદ્દાઓ પેઢી દર પેઢી જ ઉપયોગ કરે તેવી માનસિકતા ઉપર સવાલ ઉભા થયા છે. જેથી હવે મતદારો રાજયમાં ત્રીજા સબળ નેતૃત્વની ઝંખના કરી રહ્યા છે. બંગલા, મોટર, નોકર, ચાકર અને અઢળક સંપત્તિમાં આળોટતા નેતાઓને સામાન્ય પ્રજાજનોની સમસ્યા સમજવી હોય તો બે દિવસ બધુ ત્યજીને ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરવો જોઈએ તેવી પણ માંગ મતદારો કરી રહ્યા છે.

અપોલો હોસ્પિટલ નજીક કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-ઈન્દીરા બ્રીજ માર્ગ પર અપોલો હોસ્પિટલ નજીક બપોરના સમયે કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા ચાલકને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયારે કાર ચાલક ટકકર મારી પલાયન થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર-ઈન્દીરા બ્રીજ માર્ગ પર રીક્ષાચાલક બાબુજી મણાજી ઠાકોર પોતાની રીક્ષા નં. જીજે-૧૮-એકસ ૬૨૪૪ લઈ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન આજ માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતી કાર નં. જીજે-૧-એકે ૪૨૮૪ના ચાલકે રીક્ષાને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા ચાલકને ઈજાઓ થતા તુરંત સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયારે કાર ચાલક સ્થળ પરથી ચકકર મારી નાસી છૂટયો હતો. આ મામલે બાબુજી ઠાકોરની ફરિયાદના આધારે કારચાલક વિરુધ્ધ ગુનો નોંધી ઈન્ફોસીટી પોલીસે તપાસ હાથ ધરી છે. જેની કાર્યવાહી અને શોધખોળ એએસઆઈ બળવંતસિંહ કરી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. સોલંકી કમળાબેન લાલસિંહ, ઉ.વ. ૫૮
- સ્વ. સકરાજી રૂમાલજી સોલંકી, ઉ.વ. ૫૫